


પત્રાંક ૧૯૯


મુંબઈ, માહ સુદ ૧૧, ગુરુ, ૧૯૪૭

ઉપાધિના યોગને લીધે શાસ્ત્રવાંચન જો ન થઈ શકતું હોય તો હમણાં તે રહેવા દેવું, પરંતુ ઉપાધિથી થોડો પણ નિત્ય પ્રતિ અવકાશ લઈ ચિત્તવૃત્તિ સ્થિર થાય એવી નિવૃત્તિમાં બેસવાનું બહુ અવશ્ય છે. અને ઉપાધિમાં પણ નિવૃત્તિનો લક્ષ રાખવાનું સ્મરણ રાખજો.

જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું ક્યારે સંભવે? મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે; એવો નિશ્ચય કરવો જોઈએ. અને સફળપણા માટે જે જે સાધનોની પ્રાપ્તિ કરવી યોગ્ય છે, તે પ્રાપ્ત કરવા નિત્ય પ્રતિ નિવૃત્તિ મેળવવી જોઈએ. નિવૃત્તિના અભ્યાસ વિના જીવની પ્રવૃત્તિ ન ટળે એ પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે.

ધર્મને રૂપે મિથ્યા વાસનાઓથી જીવને બંધન થયું છે; એ મહા લક્ષ રાખી તેવી મિથ્યા વાસના કેમ ટળે એ માટે વિચાર કરવાનો પરિચય રાખશો.

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૨ C



ઉત્તર :— 'સિદ્ધો વર્ણ સમામ્નાય'. 'ઉમરાળા'માં નાનપણમાં એ (શીખેલા). ભગવાન થયા એ વીતરાગ થઈ રાગ-દ્વેષ છૂટીને ભગવાન થયા. આત્મા ભગવાન અંદર છે. એ ભગવાનને ઓળખે તો ભગવાન થવાય. ઓળખ્યા વગર ન થવાય.

પ્રશ્ન :- માતાજી! સમવસરણ કેવું હોય?

ઉત્તર :- સમવસરણમાં ભગવાન બિરાજતા હોય. જે ભગવાન અંદર આત્મામાં ઠરી ગયા હોય. એમનું શરીર જુદું હોય, એનો આત્મા જુદો હોય. ભગવાન બિરાજતા હોય સમવસરણમાં. એમની વાણી છૂટતી હોય. સમવસરણમાં દેવો આવતા હોય, મનુષ્યો આવતા હોય અને સભા ભરાણી હોય. રત્નોના ગઢ હોય. અનેક જાતનું સમવસરણ અંદર દેવોએ રચેલું હોય. સમવસરણમાં મંદિરો હોય. ભગવાનની ભક્તિ કરવા દેવો, મનુષ્યો બધા આવતા હોય. ભગવાન બિરાજતા હોય છે સમવસરણમાં.

પ્રશ્ન :- માતાજી! ભગવાન વિહાર કરીને બીજે સ્થળે જાય તો એના એ જ મનુષ્યો, તિર્યંચો, દેવો પાછા બીજે જાય કે ત્યાં પાછા બીજા આવે?

ઉત્તર :- બીજા ગામમાં બીજા હોય પણ જેટલા સાથે રહેનારા હોય એ બધા જાય. જેમ મુનિઓ, ગણધરો એ બધા સાથે જાય. જે ગામના મનુષ્યો હોય એ બધા જાય એવું ન હોય. બીજા ગામમાં બીજા મનુષ્યો હોય. દેવો જાય, દેવો જાય. અમુક દેવો તો સાથે ને સાથે હોય છે ભગવાન વિહાર કરે ત્યારે. જે દેવો અમુક વિહારમાં સાથે હોય એ બધા દેવો સાથે હોય. જેમ મુનિવરો, ગણધરો એ બધા સાથે હોય. તિર્યંચોનો નિયમ નથી. એ તો એ ગામના ત્યાં હોય, બીજા ગામમાં બીજા હોય.

પ્રશ્ન :- સમવસરણ વિખરાય જાય તો બધા મનુષ્યો, તિર્યંચો જે ત્યાંના હોય એ એકદમ નીચે ઊતરી જતા

*(તત્ત્વ ચર્ચાનો શેષ અંશ પૃષ્ઠ-૧૮ ઉપર)*

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૬૦, વર્ષ–૨૪, જુલાઈ–૨૦૧૯

## અષાઢ સુદ ૧૪, શુક્રવાર, તા.૧-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૬૬, પ્રવચન–૨૩

હવે ૬૬માં કહે છે.

**विरला जाणहिं तत्तु बुह, विरला णिसुणहिं तत्तु।**
**विरला झायहि तत्तु जिय, विरला धारहिं तत्तु।।**
।।૬૬।।

**'વિરલા પંડિતો જ આત્મતત્ત્વને જાણે છે.'** કોઈ વિરલ જ્ઞાની આત્માના તત્ત્વને જાણનારા હોય છે, એને પંડિત કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? **'विरला बुह तत्तु'** **'बुह'** એટલે પંડિત છે ને? **'बुह'** પંડિત છે ને? વિરલા જ **'बुह'** નામ પંડિત આત્મતત્ત્વને જાણે છે. ભગવાન આત્મતત્ત્વ નિરાકુળ શાંતરસનો પિંડ પ્રભુ, એને તો વિરલા પંડિતો જ જાણે. એ વિરલા પંડિત અથવા વિરલ એને જાણે તે પંડિત કહેવામાં આવે છે. આત્માનો અનુભવ (કર્યો) ને જાણ્યો એ પંડિત છે. આહાહા..! લોકાલોકનો પ્રકાશ કરનાર ભગવાન જેના અનુભવમાં, જ્ઞાનમાં આવ્યો કહે છે કે, એ જ મોટો પંડિત છે, પણ એવા વિરલ જીવ હોય છે. સમજાણું કાંઈ?

**'विरला तत्तु णिसुणहिं'** વિરલાઓ તત્ત્વને સાંભળે છે. એવા તત્ત્વની વાત સાંભળનારા પણ વિરલ છે. તત્ત્વના સમજનારા વિરલ, પણ સમજનારા પાસે આવા સાંભળનારા વિરલ, એમ કહે છે. આહાહા..! નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વ, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરો એ વાત સાંભળનારા (વિરલા છે). વ્યવહારના રસિયા, પુણ્યના રસિયા, વિકલ્પના રસિયા, એને આ વાત સાંભળવાનું મુશ્કેલ પડે છે, કહે છે. સમજાણું કાંઈ? **'વિરલા શ્રોતા જ તત્ત્વને સાંભળે છે.'** શ્રોતા એવા (મળવા) મુશ્કેલ છે, કહે છે. તત્ત્વના જાણનારા જ્ઞાનીઓ વિરલ હોય, એમાં એની પાસે આવી વાતો સાંભળનારા જીવો વિરલ હોય. ગોઠે નહિ વાત ને. સમજાણું?


વિરલા જ એ તત્ત્વને ધ્યાવે. વિરલ જીવ આત્માનું ધ્યાન (ધરે). જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ પ્રભુ, એનું ધ્યાન કરે એ તો વિરલ જીવ છે, વિરલ જીવ છે, વિરલ છે. ઓ..હો...! સમજાણું કાંઈ? આ વિરલા કહ્યા. બહુ પૈસાવાળા છે ને મોટી પદવીવાળા છે ને બહુ રૂપાળા છે, બહુ પરિવારવાળા છે. સમજાય છે? બેઠી પેદાશવાળા છે. એને પાંચ-દસ લાખની બેઠી પેદાશ છે. એ.. બેઠી પેદાશ, શું કહે છે? એને વિરલા ન કીધા, ઈ બધા રખડનારા છે. (લોકો) વાતું કરે, એને તો બેઠી પેદાશ, બાપા! ઘરની બેઠી પેદાશ, પાંચ લાખ, દસ લાખ, બાર મહિને બેઠી પેદાશ છે. બેઠો પેદાશ એટલે શું? બેઠો છે ક્યાં ઈ? એમ કહે છે, લોકો વાતું કરે. અહીં તો કહે છે, વિરલા જ એ તત્ત્વનું ધ્યાન કરે. એને અંદરમાં આનંદની બેઠી પેદાશ છે. આહાહા..! ક્યાંય બહાર જાવું પડે નહિ અને અંદરમાં ને અંદરમાં બેઠી પેદાશ મળે. આહાહા..! સમજાણું કાંઈ? એ વિરલા જીવ તત્ત્વને ધ્યાવે.

**'વિરલા જ તત્ત્વને ધારણ કરીને સ્વાનુભવી થાય છે.'** આવી વાત—નિર્વિકલ્પ ભગવાનઆત્માની વાત, વિરલા સાંભળી, ધારીને સ્વાનુભવ કરે છે. એ ઘણા વિરલ વિરલ લાખો, કરોડોમાં વિરલ વિરલ (હોય છે). એવી એની દુર્લભતા બતાવીને એની કિંમત કરી છે. દુર્લભતા કરીને એની કિંમત કરી છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ ૧, રવિવાર, તા.૩-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૬૬, પ્રવચન-૨૪

આ 'યોગસાર' શાસ્ત્ર છે. 'યોગીન્દ્રદેવ' મુનિ, દિગંબર મુનિ આજ પહેલાં ૭૦૦-૮૦૦ વર્ષ પહેલા થઈ ગયા. એમનું આ 'યોગસાર' છે. આજે ભગવાનનો દિવ્યધ્વનિનો દિવસ છે. એમાં આ ગાથા બરાબર આવી છે. વિરલ, વિરલ વાત છે. ભગવાન 'મહાવીર' પરમાત્માને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ ૧૦ થયું હતું પણ ૬૬ દિવસ દિવ્યધ્વનિ ન નીકળી. વ્યવહારથી એમ કહેવાય કે ત્યાં એ વાણીને ઝીલનાર ગણધરની હયાતીનો અભાવ હતો. ખરેખર તો એ વાણી નીકળવાની નહોતી. એ વાણી ૬૬ દિવસે ઈન્દ્રને વિચાર થયો કે આ વાણી કેમ નથી નીકળતી? એટલે અવધિજ્ઞાનથી જોયું કે કોઈ આમાં પાત્ર ગણધર આદિ છે નહિ એથી વાણી નીકળતી નથી. વાણી તો નીકળવાનો યોગ હતો જ નહિ. પણ નિમિત્તથી શાસ્ત્રમાં એવા કથન આવે.



'ગૌતમ' સ્વામી ગણધરને યોગ્ય હતા, એની પાસે બ્રાહ્મણનું રૂપ લઈને ઈન્દ્ર ગયા (અને કહ્યું કે), આનો કંઈક અર્થ કરો. છ દ્રવ્ય, નવ તત્ત્વ સાચુ શું છે? ઓલો કહે, ભાઈ! મને આવડતું નથી. તમારા ગુરુ પાસે જઈએ. છ દ્રવ્યના નામ એનામાં હોય નહિ. પછી ભગવાન પાસે આવ્યા. ત્યાં તો એમની લાયકાત હતી, ક્ષણમાં જ્યાં (ભગવાન) દેખ્યા. સમવસરણ દેખ્યું ત્યાં એમનું માન ગળી ગયું. અંદર ગયા ત્યાં તો એમને આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન થયું અને ભગવાનની વાણી છૂટી. ૬૬ દિવસે દિવ્યધ્વનિ 'વિપુલાચલ' પર્વત ઉપર 'રાજગૃહી' નગરીની બહાર વનમાં ભગવાનની વાણી ત્યાં ૬૬ દિવસે નીકળી અને તે શ્રાવણ વદ એકમનો જોગનો પહેલો દિવસ હતો. જોગનું પહેલું બેસતું વર્ષ હતું. શ્રાવણ વદ એકમે નીકળી. એ વાણી ગણધરદેવે તે દિ' ઝીલી. વાણી નીકળી તે દિ' ઝીલી, તે દિ' ગણધરદેવે ભાવશ્રુતજ્ઞાન રૂપે ગણધર પરિણત (થયા).

ભગવાને ભાવશ્રુત કહ્યું. ભગવાનની પાસે ભાવશ્રુત છે નહિ, એમની પાસે તો કેવળજ્ઞાન છે, પણ કેવળજ્ઞાન કહ્યું એમ શાસ્ત્રમાં ન કહ્યું, એમણે ભાવશ્રુત વર્ણવ્યું. ભાઈ! ભગવાનની વાણીમાં એકલા અર્થો આવ્યા, અર્થો આવ્યા. એથી એને ભગવાને ભાવશ્રુત કહ્યું એમ કહેવામાં આવે છે. ગણધરદેવે એને સૂત્રરૂપે ગુંથ્યા. અર્થરૂપે

ભગવાનની વાણીમાં આવ્યું, સૂત્રરૂપે ગણધરે ગુંથ્યું, એ આજ દિવસ છે. વાણી નીકળવાનો અને બાર અંગ ને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં ક્રમસર કરી. અંતર્મુહૂર્ત છે ને? અસંખ્ય સમય છે. ગણધરદેવે આજે બાર અંગની રચના કરી. એ બાર અંગની અંદર સારમાં સાર શું કહેવાણું આ એનું કથન છે.

'યોગસાર'. બારે અંગમાં સંયોગ, વિકલ્પ અને એક સમયની અવસ્થા, એની ઉપેક્ષા કરીને ત્રિકાળ જ્ઞાયક સ્વભાવની અપેક્ષા કરવી એવો સાર, યોગસારરૂપે ભગવાનની વાણીમાં આવ્યો. યોગસાર એટલે આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, ધ્રુવ, શાશ્વત, એકરૂપ અનાદિઅનંત (છે), એવી ચીજમાં એકાકાર થઈને સ્વરૂપના આનંદનું વેદન થવું, એને યોગસાર કહે છે. સ્વરૂપમાં એકાકાર થઈને આનંદનો અનુભવ—વેદન કરવું એનું નામ યોગસાર કહે છે, કે જે મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું આમાં? કેવો યોગસાર?

કહે છે, '**તત્ત્વજ્ઞાની વિરલા હોય છે.**' જુઓ! અહીંયાં એ કહે છે.

**विरला जाणहिं तत्तु बुह, विरला णिसुणहिं तत्तु।**
**विरला झायहि तत्तु जिय, विरला धारहिं तत्तु।।**
**।।६६।।**

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મજ્ઞાનરૂપી તત્ત્વ કહ્યું, એને '**વિરલા પંડિતો જ આત્મતત્ત્વને જાણે છે.**' વિરલ પ્રાણી. આત્મજ્ઞાન પ્રાપ્ત થવું મહા કઠણ છે. એને '**થોડાક જ પ્રાણીઓ આ અનુપમ તત્ત્વનો લાભ પામી શકે છે.**' '**विरला जाणहिं तत्तु विरला तत्तु णिसुणहिं**'. સાંભળનારા વિરલા છે. આત્મજ્ઞાન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ, એમાં અંતરમાં એકાકાર થવું એવી વાત સાંભળનારા પણ વિરલ છે. સમજાણું કાંઈ? કહેનારા દુર્લભ તો છે, પણ સાંભળનારા એવા દુર્લભ છે.

જે આત્મા પરમાનંદરૂપ ધ્રુવ સચ્ચિદાનંદ સ્વરૂપ, એમાં એકાગ્ર થવું તે મોક્ષનો માર્ગ, બીજો માર્ગ નહિ, એવી વાત સાંભળનારા સભામાં પણ દુર્લભ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? જેને નિમિત્ત રુચતા હોય, રાગ રુચતો હોય, વ્યવહાર રુચતો હોય એને આ વાત સાંભળવી મુશ્કેલ છે. સાંભળવી મુશ્કેલ (છે). ના, એમ ન હોય, એમ ન હોય, એમ ન હોય, એમ કહે. એટલે કહે છે કે, '**विरला तत्तु णिसुणहिं**' વિરલ પ્રાણી. ભગવાન આત્મા, એની ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય ધાતુ, એમાં એકાકાર થવું એ જ મોક્ષનો માર્ગ, એ જ યોગસાર, એ જ કલ્યાણનો રસ્તો, એ જ મોક્ષનો ઉપાય, એ વાત સાંભળનારા પણ જગતમાં બહુ વિરલ છે. સમજાણું કાંઈ? પુણ્યની વાતું, નિમિત્તની વાતું, વ્યવહારની વાતું સાંભળનારા થોકના થોક પડ્યા છે, એમ કહે છે. પણ આ આત્મા શુદ્ધ અખંડાનંદનો કંદ છે, ધ્રુવ અખંડાનંદ પ્રભુ, એની અંતરમાં દૃષ્ટિ કરીને રમવું, એવો યોગ, એનો પણ સાર એ સાંભળનારા દુર્લભ છે. કહો, સમજાણું કાંઈ?

'**विरला झायहि तत्तु**' અને વિરલ જીવ, એનું ધ્યાન કરે. ભગવાન આત્મા, એના તરફનું અંતરમાં વલણ (થવું) અને એ સ્વરૂપને ધ્યેય કરીને તેમાં એકાકારનું ધ્યાન કરવું એ જીવો વિરલ હોય છે. સમજાણું કાંઈ? કોઈ પદવી ઇન્દ્રની મળવી કે રાજપાટ મળવા કે એ જીવો વિરલ છે એમ અહીંયાં નથી કહ્યું. અને પુણ્ય પામવા કે પુણ્યના ફળ મળવા એ જીવો વિરલ છે એમ નથી કહ્યું. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એનું અંતર ધ્યાન કરનારા જગતમાં વિરલ નામ દુર્લભ છે. સમજાણું કાંઈ? શાસ્ત્રના ભણનારા પણ ઘણા હોય, કહેનારા પણ ઘણા હોય, પણ ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ અભેદની વાત સાંભળનારા દુર્લભ અને એનું ધ્યાન કરનારા તો બહુ દુર્લભ છે. સમજાણું કાંઈ?

'**विरला झायहि तत्तु**' વિરલા જીવ '**धारहिं**'. '**विरला धारहिं तत्तु**' ધારહિનો અર્થ—વિરલ જીવો ભગવાન આત્મા નિર્વિકલ્પ રાગ વિનાની ચીજ છે અને રાગ વિનાની નિર્મળ પરિણતિ દ્વારા એ અનુભવી શકાય છે એવો અનુભવ થઈને ધારણા થવી એવા (જીવો) જગતમાં દુર્લભ છે. સમજાણું કાંઈ? એ ધારણા, હોં! આહાહા..! આમ અવગ્રહ, ઈહા, અવાય, ધારણા બહારની તો ઘણી છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એનું અંદર ધ્યાન કરીને આ ચીજ છે, એમ જેણે

અનુભવ કરીને ધારી છે કે, ચીજ આ છે અને એ ધારણામાંથી વારંવાર સ્મૃતિ કરીને આત્માનું ધ્યાન કરે છે. એવા જીવો જગતમાં (દુર્લભ છે). દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું. ભગવાનની દિવ્યધ્વનિમાં, બાર અંગમાં એમ આવ્યું હતું. 'વિપુલાચલ' પર્વત ઉપર ભગવાનની વાણી નીકળી એમાં એ આવ્યું હતું કે, આ આત્મા શુદ્ધ અનંત આનંદસ્વરૂપ, એનું એકાગ્ર થઈ (ધ્યાન કરે), અને આ આત્મા આવો છે એવી ધારણા (કરનારા વિરલ છે). સમજાય છે કાંઈ?

**'विरला जिय तत्तु धारहिं'** શું કહે છે? બીજી ધારણા કરનારા તો ઘણા હોય છે. શાસ્ત્રની ધારણા, બોલચાલની ધારણા, કહેવા-બોલવાની ધારણા, આનો આ પ્રશ્ન ને આનો આ ઉત્તર ને એવી ધારણા કરનારા ઘણા હોય છે, પણ આ ભગવાન આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાનમાં જે અનુભવમાં આત્મા પૂર્ણાનંદ આવ્યો, અનુભવ થઈને એની ધારણા કરનારા જીવો વિરલ અને થોડા છે. સમજાણું કાંઈ?

ભાઈએ એનો અર્થ જરી લખ્યો છે કે, **'આત્મજ્ઞાનની પ્રાપ્તિ થવી ઘણી કઠણ છે. થોડાક જ પ્રાણીઓ આ અનુપમ તત્ત્વનો લાભ પામી શકે છે. (કેમકે) મનરહિત પંચેન્દ્રિય સુધીના જીવો વિચાર કરવાની શક્તિ...'** (રહિત છે). મન વિનાના પ્રાણી છે એને વિચાર કરવાની શક્તિ નથી કે, હું કોણ છું ને ક્યાં છું? **'સંજ્ઞી પંચેન્દ્રિયોમાં નારકી જીવ રાતદિવસ કષાયના કાર્યમાં લાગ્યા રહે છે.'** સંજ્ઞી પંચેન્દ્રિય કદાચ મનવાળા થયા, એમ કહે છે. મન વિનાના પ્રાણીને વિચાર તો છે નહિ. મનવાળા થયા તો નારકીમાં ઊપજ્યો, નારકી. રાત-દિવસ કષાય, કષાય, કષાયના કાર્યમાં લાગ્યા છે. (એમાં) **'કોઈક જ પ્રાણીને આત્મજ્ઞાન થાય છે.'** બાકી એથી અસંખ્યગુણા, સમકિતીની સંખ્યા કરતાં અસંખ્યગુણી મિથ્યાદષ્ટિની સંખ્યા નારકીમાં એવી છે કે, એને આત્મજ્ઞાન શું છે એવું સાંભળ્યું પણ હોતું નથી.

**'પશુઓમાં પણ આત્મજ્ઞાન પામવાનું સાધન અલ્પ છે.'** ઢોરમાં પણ વિરલ છે. **'દેવોમાં વિષયભોગોની અતિ તીવ્રતા છે, વૈરાગ્યભાવની દુર્લભતા છે. કોઈકને જ આત્મજ્ઞાન થાય છે. મનુષ્યો માટે સાધન સુગમ છે...'** સાર ઠીક મૂક્યો છે. **'તો પણ ઘણું દુર્લભ છે.'** મનુષ્યપણામાં આત્મજ્ઞાનની, સમ્યગ્દર્શનની, અનુભવની વાત સાંભળવી દુર્લભ અને પામવી મનુષ્યપણામાં પણ દુર્લભ છે. સમજાણું કાંઈ? કેટલાક તો રાતદિન શરીરની ક્રિયામાં તલ્લીન રહે છે (કે) **'તેમને આત્માની વાત સાંભળવાનો અવસર જ મળતો નથી.'** માણસને. આ માણસની વાત માંડી. કેટલાક (એવા) હોય કે, **'વ્યવહારમાં એટલા ફસાયેલા હોય છે કે વ્યવહારધર્મના ગ્રંથો વાંચે છે, સાંભળે છે,...'** હવે મનુષ્ય આવ્યા, મનુષ્ય. ધર્મને સાંભળવા માટે તૈયાર થયા, સાંભળે પણ એ વ્યવહારના ગ્રંથોમાં એટલા ફસાયા કે, વ્યવહારધર્મના ગ્રંથોને વાંચે અને સાંભળે. નિશ્ચય અધ્યાત્મગ્રંથ શું છે એને સમજવાનો અને સાંભળવાનો વખત મળતો નથી.

મુમુક્ષુ :— ના પાડનારા પણ નીકળે.

ઉત્તર :— ના પાડનારા (ના પાડે), નહિ, નહિ, નહિ. એ અધ્યાત્મ નહિ, અધ્યાત્મ નહિ. આ વ્યવહાર સાંભળો, વ્યવહાર વાંચો. 'જ્ઞાનચંદજી'! એવું ચાલે છે ને? ભાઈ! નહિ, નહિ, નહિ.

અનેક **'મહાન વિદ્વાન (પંડિત) બની જાય છે; ન્યાય, વ્યાકરણ, કાવ્ય, પુરાણ, વૈદક, જ્યોતિષની અને પાપ પુણ્યનો બંધ કરનાર ક્રિયાઓની વિશેષ ચર્ચા કરે છે.'** વ્યાકરણની કરે, શબ્દકોષની કરે, પુણ્ય-પાપની ચર્ચા કરે. આ પુણ્ય આમ થાય ને આ પુણ્ય આમ થાય. પણ એ વાત તો અનંત વાર કરી, હવે સાંભળને! નવી વાત શું છે, અનંત કાળના જન્મ-મરણ મટવાની ચર્ચા કરતા નથી. ચર્ચા કરનારા નથી, એમ કહે છે. હેં?

**'અધ્યાત્મગ્રંથોનો સૂક્ષ્મદષ્ટિથી અભ્યાસ કે વિચાર કરતા નથી.'** 'વિમલચંદજી'! આ બરાબર છે? એ..ઈ...! 'રાજમલજી'! બેય જણા. ફર્યા છે કે નહિ? જોયું છે કે નહિ એણે? અધ્યાત્મગ્રંથને વાંચવાનો વખત પણ નથી. નહિ.. નહિ.. નહિ. વ્યવહાર કરો, વ્યવહાર

કરો, વ્યવહાર વાંચો, વ્યવહાર વાંચો. એ કરતાં કરતાં થઈ જશે. કરતાં કરતાં ધૂળમાંય નહિ થાય, સાંભળને. ભગવાન આત્મા અધ્યાત્મની અંતરની વાતુંને સમજ્યા વિના અંતરદષ્ટિ કર્યા વિના કલ્યાણ ત્રણકાળમાં છે નહિ. એનો નિર્વિકલ્પ પત્તો લીધા વિના, આત્મા વસ્તુ જ નિર્વિકલ્પ છે, રાગ વિનાની, પુણ્ય વિનાની, ક્રિયા વિનાની, મન વિનાની, સંગ વિનાની, એવો ભગવાનઆત્મા રાગથી અને વિકલ્પથી અસંગ એવા અસંગ તત્ત્વને અધ્યાત્મ ગ્રંથથી સાંભળીને મનન કરનારા જીવો બહુ દુર્લભ છે. સમજાણું કાંઈ?

'આનંદઘનજી' પણ કહે છે, 'અધ્યાત્મગ્રંથ મનન કરી.' એના સ્તવનમાં કહે છે. અધ્યાત્મના શાસ્ત્રો જે આત્માને બતાવનારા, એને મનન કરીને અનુભવ કરવો એ જગતમાં મનુષ્યમાં સાર છે પણ કહે છે કે, કેટલાક વિદ્વાનો એમાં ફસાયા છે કે અધ્યાત્મની સૂક્ષ્મદષ્ટિથી (વાંચતા નથી). કોઈ અધ્યાત્મ વાંચે પણ સૂક્ષ્મદષ્ટિથી એનો અર્થ, ભાવાર્થ શું છે એને સમજે નહિ.

મુમુક્ષુ :— વ્યવહાર ધર્મથી થાય...

ઉત્તર :— હા. આ લખ્યું, 'સમયસાર'માં લખ્યું, લ્યો! 'ગોમ્મટસાર'માં એમ લખ્યું, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. 'સમયસાર'માં એમ લખ્યું કે, કર્મને લઈને વિકાર થાય, આત્માને લઈને નહિ. 'કર્મ વિપાકો, ....' કર્મનો વિપાક તે રાગ, જુઓ! આમાં લખ્યું છે. કર્મનો વિપાક તે રાગ. પણ એ કઈ અપેક્ષાએ? ભગવાનઆત્માનો પાક એ રાગ નહિ. ભગવાનઆત્મા..! એને બતાવવા એમ કીધું કે, કર્મનો પાક તે રાગ. (તો કહે), જુઓ! કર્મને લઈને રાગ થાય છે કે નહિ? જુઓ! અધ્યાત્મગ્રંથ કાઢે (અને કહે), કર્મને લઈને રાગ થાય, ઓલામાંથી કાઢે કે, જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાય. એટલે વ્યવહારના ગ્રંથમાંથી પણ એ કાઢ્યું અને પરમાર્થના ગ્રંથમાંથી આ કાઢ્યું. આ..હા..! સમજાણું કાંઈ? આ પુણ્ય-પાપના અધિકારમાં લખ્યું. લ્યો, આ મોટી ચર્ચા હમણાં આવી છે. 'सम्मतपडिणिबध्धं मिच्छतं जिणवरेहि परिकहियं (૧૬૧મી ગાથા છે)' છે ને? મિથ્યાત્વના ઉદયથી આત્મા મિથ્યાત્વને પામે છે. સમકિતને નાશ કરે છે. અરે...! ત્યાં કઈ અપેક્ષાએ વાત છે? ભાઈ! આત્માનો શુદ્ધ આનંદસ્વભાવ, એમાં વિકારી પરિણામ (થાય) એ તો કર્મના સંગે થયેલો વિકાર છે, એ આત્માનો સ્વભાવ નથી. એમ બતાવવા એમ કહ્યું છે. કર્મને લઈને વિકાર થયો છે એમ ત્યાં નથી બતાવવું. વિકાર પોતાના સ્વભાવથી થતો નથી.

ભગવાનઆત્મા, જેની ગાંઠમાં તો એકલી વીતરાગતા પડી છે. આહા..! જેની ગાંસડીમાં એકલા વીતરાગતાના રત્ન પડ્યા છે. એનામાં કોઈ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ પડ્યા નથી. એ તો એક સમયની દશામાં કર્મના લક્ષે ઉત્પન્ન કરેલું કાર્ય, એ આત્માનું નથી એમ બતાવવા અધ્યાત્મ ગ્રંથમાં કર્મનું કામ છે એમ કહ્યું છે. વ્યવહારના ગ્રંથમાં આમ આવે (કે), આઠ કર્મને લઈને થાય. આમાં એમ આવે કે, કર્મને લઈને રાગ થાય. એટલે બેય સરખા, બેયમાં છે.

કહે છે, સૂક્ષ્મદષ્ટિથી વાંચતા નથી. એમાં કહેવાનું તાત્પર્ય શું છે એ વિચારતા નથી. '**નિશ્ચયનયથી પોતાનો જ આત્મા આરાધ્યદેવ છે એવો દઢ નિશ્ચય કરી શકતા નથી.**' આરાધ્ય નામ સેવવા યોગ્ય હોય તો ભગવાન આ આત્મા છે. પરમેશ્વર વીતરાગદેવ તે વ્યવહાર આરાધ્ય છે. સમજાણું કાંઈ? આ પ્રભુઆત્મા, એ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એ જ સેવવા લાયક, આરાધન કરવા લાયક, આરાધવાને યોગ્ય એક જ છે. એવો વિશ્વાસ વ્યવહારના શાસ્ત્રો એકલા ભણી અથવા અધ્યાત્મના શાસ્ત્રને પણ ભણી સૂક્ષ્મદષ્ટિથી આ સાર કાઢવો જોઈએ એ સાર કાઢતા નથી. કહો, સમજાણું કાંઈ?

'**અનેક પંડિતો આત્મજ્ઞાન વિના કેવળ વિદ્યાના ઘમંડમાં...**' 'વિમલચંદજી'! લખનાર છે, 'શીતલપ્રસાદ'. લખનાર (લખે) પણ એનો અર્થ એ પ્રમાણે છે કે નહિ? એ પાઠમાં છે કે નહિ? અને અહીં દાખલો પણ આપશે. '**सुदपरिचिदाणुभूदा**' એ પોતે કહેશે. ભગવાન 'સમયસાર'માં કહે છે કે, આ રાગની કથા કરીને રાગને વેદી એ તો અનંતવાર સાંભળી છે. એથી તો પોતે આધાર છે. પણ પરથી, રાગથી ભિન્ન અને અંતર પોતાના પૂર્ણ શુદ્ધ સ્વભાવથી આત્મા અભિન્ન

(છે), એ વાત એણે સાંભળી નથી. સમજાણું કાંઈ? 'ધવલ' ગ્રંથો 'વિમલચંદજી'એ વાંચ્યા નથી? એણે ઘણા વાંચ્યા છે. ઓલો કહે, આમાં આ લખ્યું છે. આ કહે કે, એ તો નિમિત્તપ્રધાન કથન છે. રાજમલજી!

મુમુક્ષુ :— ઈ તો મોટા માણસ છે.

ઉત્તર :— મોટા કોને કહેવા? 'ધવલ', 'જયધવલ' ને 'મહાધવલ' 'વિમલચંદજી'એ બહુ વાંચ્યું છે, ઘણું વાંચ્યું છે. છતાં પહેલા આવ્યા ત્યારે એની મેળાએ કહ્યું હતું કે, આ તો નિમિત્તપ્રધાન કથન છે, વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? કથન વ્યવહારપ્રધાન આવ્યું એટલે વસ્તુ ઈ થઈ ગઈ? કહ્યું હતું ને? ભાઈ! પહેલા 'વડોદરા'થી આવ્યા હતા. શું કહેવાય? ટોળી ફરવા નીકળેલી. પહેલા આવ્યા હતા ત્યારે કહ્યું હતું. બરાબર વાત છે. 'ધવલ'માં બધા કથન છે એ નિમિત્તપ્રધાન કથન છે. આણે વાંચ્યું છે અને ઓલાએ પણ વાંચ્યું છે. વાંચવામાં કઈ અપેક્ષાએ કથન છે એમ જાણવું જોઈએ કે નહિ?

એ જ અહીંયાં દાખલો આપ્યો છે, '**एयत्तस्सुवलम्भो**' નિમિત્ત અને રાગથી ભિન્ન ભગવાનઆત્મા (છે), એ વાત સાંભળવી દુર્લભ છે. સમજાણું કાંઈ? એનાથી લાભ થાય (એમ માને એને) એનાથી ભિન્ન સાંભળવું તો દુર્લભ થયું. વ્યવહાર, નિમિત્ત, રાગથી, વિકલ્પથી આત્માને લાભ થાય એનો અર્થ થયો કે, રાગથી ભિન્ન છે એ એને સાંભળવું ગોઠતું નથી. એને દુર્લભ થઈ પડ્યું, નહિ, નહિ, નહિ.

પહેલી વાત તો એ છે કે, જગતમાં ભગવાનઆત્મા એકલો વીતરાગી પિંડ પ્રભુ, એની વીતરાગી પરિણતિ દ્વારા એ જણાય એવો છે. રાગ દ્વારા જણાય નહિ, વ્યવહાર દ્વારા જણાય નહિ, નિમિત્ત દ્વારા જણાય નહિ. હવે જેને નિમિત્ત અને રાગ દ્વારા જણાય (એમ લાગે છે) એને કહે છે, આવી વાત સાંભળવી ગોઠશે નહિ. સમજાણું કાંઈ?

એકલો પ્રભુ વીતરાગ સ્વભાવે બિરાજમાન અનાદિઅનંત (છે). અનાદિઅનંત વીતરાગસ્વભાવે બિરાજમાન છે. સમજાણું કાંઈ? એવી વાત '**एयत्तस्सुवलम्भो, णवरि ण सुलभो विभत्तस्स** ' એકત્વસ્વભાવનું એકત્વ અને પરથી વિભક્ત, એ વાત સાંભળવી જગતને દુર્લભ છે, પરિચયમાં આવવી દુર્લભ છે અને અનુભવમાં આવવી એથી (પણ વધારે) દુર્લભ છે. કહો, સમજાય છે કાંઈ?

કહે છે કે, કેટલાક '**પંડિતો આત્મજ્ઞાન વિના કેવળ વિદ્યાના...**' ઘમંડથી, ભણતરના ઘમંડથી. લ્યો! 'રાજમલજી'! ઠીક લખ્યું છે. '**ક્રિયાકાંડના પોષણમાં જ જન્મ ગુમાવી દે છે...**' રાગનું પોષણ, રાગનું પોષણ. વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્યવહાર કરો. એમાં આખું જીવન (ગુમાવી દે). બસ! એ અમારો ધર્મ છે, એ અમારો ધર્મ છે. આહાહા! શરીરની ક્રિયાથી ધર્મ થાય, કહો! આવા પ્રશ્ન (કરે). આહાહા..! હવે અહીં તો કહે છે, વિકલ્પથી ધર્મ ન થાય, શરીરની ક્રિયા તો ક્યાંય રહી ગઈ. ભેદથી ધર્મ ન થાય. ગુણી ભગવાન અને આ આનંદ એમાં રહેલ છે, આ આનંદનો ધરનાર છે એવો ભેદ, એનાથી પણ ધર્મ થાય નહિ. આહાહા..! એટલે કહે છે કે, ભાઈ! જીવોને અનંતકાળમાં આ વાત મહાદુર્લભ છે. સમજાણું?

'**જેમને મિથ્યાત્વનું અને અનંતાનુબંધી કષાયોનું બળ ઢીલું પડે છે,...**' ત્યારે કહે છે કે, '**તત્ત્વની રુચિ થાય છે. અધ્યાત્મજ્ઞાનના વિદ્વાન બહુ થોડા મળે છે. જ્યાં સુધી આવા ઉપદેશકો ન મળે ત્યાં સુધી શ્રોતાઓને આત્મજ્ઞાનનો લાભ થવો કઠણ છે.**' મળે નહિ, ઉપદેશ જ મળે નહિ. પછી (કહે છે), '**ક્યાંક આત્મજ્ઞાની પંડિતો જોવામાં પણ આવે છે તો આત્માના હિતની ગાઢ રુચિ રાખનારા શ્રોતાઓની કમી દેખાય છે.**' 'નવરંગભાઈ'! ઓલા કહે, એ વાત નહિ, અમને બીજું બતાવો, અમને બીજું સંભળાવો, અમને બીજું સંભળાવો. આ છે, સાંભળવું હોય તો સાંભળ. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ છે ને! અરે..! તું જે નિર્દોષ દશા પ્રગટ કરવા માગે છો એ બધી દશાનો પિંડ જ પોતે આત્મા છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રગટ કરવા માગે છો એ બધું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પિંડ

આત્મા છે. હવે એને મૂકીને તારે કોને લેવું છે? સમજાણું કાંઈ?

'**જેમના અંતરમાં સંસારની મોહજાળથી કાંઈક ઉદાસીનતા હોય છે તે લોકો જ આત્મિક તત્ત્વની વાત ધ્યાનથી સાંભળે છે, સાંભળીને ધારણ કરે છે, તેનો વિચાર કરે છે. જેમના અંતરમાં ગાઢ રુચિ હોય છે, તેઓ જ નિરંતર આત્મિક તત્ત્વનું ચિંતવન કરે છે. આત્માનું ધ્યાન કરનારા જીવો બહુ ઓછા હોય છે, એમાં પણ નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરનારા, સ્વાનુભવ કરનારા દુર્લભ છે.**' એ તો ધ્યાની એટલે આત્મા તરફના વલણવાળા થોડા (છે), એમ. અને પછી નિર્વિકલ્પ અનુભવ કરવાવાળા થોડા (છે), એમ. નહિતર ધ્યાની થઈ ગયો એટલે એક જ છે. પણ આત્માનું આમ વલણ કરનારા એ દુર્લભ છતાં, એમાં નિર્વિકલ્પ વેદન કરનારા, સ્વસંવેદન જ્ઞાનાનુભૂતિ—આત્માનુભૂતિ કરનારા વિરલ, વિરલ, વિરલ પ્રાણી છે. કહો, એમાં એમ ન કહ્યું કે, આટલા શાસ્ત્ર ભણનારા દુર્લભ છે, આટલા જગતને સમજાવનારા (દુર્લભ છે) અને દુનિયાને સમજાવનારા દુર્લભ છે. એને તો ઘમંડ કીધું. આહાહા..!

'**આત્મજ્ઞાન અમૂલ્ય પદાર્થ છે. મનુષ્ય જન્મ પામીને એની પ્રાપ્તિનો પ્રયત્ન કરવો જરૂરી છે. જેણે આત્મજ્ઞાનની રુચિ પ્રાપ્ત કરી તેણે જ નિર્વાણ જવાનો માર્ગ પ્રાપ્ત કરી લીધો.**' ભગવાનઆત્માની દૃષ્ટિ થઈ ગઈ, આત્મા પવિત્ર આનંદ એ પંથ મળ્યો (તો) સીધી મોક્ષની સડક ચાલી ગઈ. એને સીધો મોક્ષ તરફ પંથ ગયો. વાંકો, આડોઅવળો એમાં કંઈ છે નહિ. કહો, સમજાણું? એક ('સમયસાર'ની) ગાથા આપી છે, પછી 'સારસમુચ્ચય'નું કહ્યું છે.

'**આ ભયાનક અને નાના પ્રકારના દુઃખોથી ભરેલા સંસારમાં રખડતા જીવે આત્મજ્ઞાનરૂપી મહાન રત્ન ક્યાંય પ્રાપ્ત કર્યું નથી.**' 'સારસમુચ્ચય' શાસ્ત્ર છે. '**હવે તેં આ ઉત્તમ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી લીધું છે...**' ભગવાન આત્મા શુદ્ધ આત્મ પવિત્રનું વેદન થઈને આ સમ્યગ્દર્શન તને મળ્યું. હવે કહે છે, પ્રમાદ ન કરવો. એ રત્નને જાળવવું. સમજાણું કાંઈ? '**વિષયોના સ્વાદનો લોભી થઈને આ અપૂર્વ તત્ત્વ ખોઈ ન બેસીશ,...**' વિષયના સ્વાદમાં રહીને આત્માના આનંદનો સ્વાદ ખોવો નહિ. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એના આનંદમાં રહેવું.

જુઓને! કાલે એમાં આવ્યું હતું ને? અનુભવ કરવો. 'ટોડરમલજી'ની ચિઠ્ઠી. સ્વાત્માનુભવમાં રહેવું. કહો! 'ટોડરમલે' ચિઠ્ઠીમાં લખ્યું છે, હોં! એને ખોટા ઠરાવે. હેં? અરે..! ભગવાન, બાપુ! એણે વાત કરી છે એ વસ્તુની કરી છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી', 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' એવી ચિઠ્ઠી જો વિલાયતમાં હોય... તે દિ' એવું સાંભળ્યું હતું. લખાણમાં આવ્યું હતું કે, આવી ચિઠ્ઠી જો વિલાયતમાં હોય તો એની કિંમત હજારોની થાય. એક એક ચિઠ્ઠીની! તે દિ' બે આનામાં મળતી હતી, (સંવત) ૧૯૮૪માં પહેલી હાથ આવી હતી. ૧૯૮૪, 'અમરેલી'. એમાં લખાણ આવ્યું હતું કે, આ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' જો અંગ્રેજીમાં કે એવામાં હોય તો આની કિંમત હજારોની આપે તોપણ એની કિંમત ન થાય. એવી અમૂલ્ય (છે). આ હિન્દુસ્તાનમાં તો એની કિંમત છે નહિ. એવી એ ચિઠ્ઠી. એ ચિઠ્ઠીને ખોટી પાડનારા છે. સમજાણું કાંઈ? ત્યાં તો લખ્યું છે, વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે સમકિત-બમકિત હોઈ શકે નહિ. લખ્યું છે ને? ભાઈ! 'વિમલચંદજી'. ત્યારે આ કહે, હોય. દેવ-ગુરુ-શાસ્ત્ર(ની શ્રદ્ધા) એ જ ચોથું, પાંચમું અને છઠ્ઠું સમકિત (છે). એ નહિ, વ્યવહાર સમકિત સમકિત કહેવાય જ નહિ. આત્માના અનુભવની પ્રતીત ને દર્શન વિના સમકિત હોઈ શકે નહિ. આહાહા..! વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા-ફ્રદ્ધા, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા એ સમકિત છે નહિ. એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં લખ્યું છે. હવે ૬૭ (ગાથા). એ ૬૬ (ગાથામાં) વિરલ, વિરલની વાત થઈ.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૯૬૯ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૩–૭–૧૯૮૫, પ્રવચન નં. ૩૧૦ (વિષય : ભેદજ્ઞાન)**

**જો તિર્યંચને પણ સાત તત્ત્વોનું ભાન ન હોય તો સમ્યગ્દર્શન ન હોય કેમ કે જો તે જીવની જાતિ ન જાણે તો સ્વ–પરને ન ઓળખે અને તેથી પરમાં રાગાદિ કર્યા વિના રહે નહિ. મન, વાણી આદિને પોતાનાં માનીને એ રાગ કર્યા વિના રહે નહિ. પરંતુ ઢોરને પણ જીવ–અજીવાદિનું શ્રદ્ધાન હોય છે. તેથી તે પરમાં રાગાદિ કરતાં નથી. દેડકા, ચકલાં કોઈ આત્મજ્ઞાન પામે છે. એને જીવતત્ત્વનું યથાર્થ ભાન હોય છે. મારો ચૈતન્યસ્વભાવ છે તે પરમાં નથી. તેથી પર તે હું નથી અને મારામાં પર નથી, એવા પરથી ભિન્ન પોતાનાં સ્વરૂપને ઢોર બરાબર જાણે છે. તેને પરમાં એકત્વબુદ્ધિ થઈને રાગાદિ થતા નથી. ૯૬૯.**

(ગતાંકથી આગળ...)

**'જો તે જીવની જાતિ ન જાણે તો સ્વ-પરને ન ઓળખે અને તેથી પરમાં રાગાદિ કર્યા વિના રહે નહિ'.** જો એ પોતાની ભિન્ન ચૈતન્યજાતિને ન ઓળખે, તિર્યંચ પણ, તો એ તિર્યંચ પણ પરમાં રાગાદિ કરશે. એને પણ કુટુંબ પરિવાર થાય છે, એને પણ દેહાત્મબુદ્ધિ શાતા-અશાતાનો પ્રકાર છે, એને પણ ભૂખ-તરસ આદિ છે. પરમાં રાગાદિ એકત્વબુદ્ધિએ એ કરશે.

શ્રોતા :— જીવની જાતિ જાણવી એ મહત્ત્વનું છે.

પૂજ્ય ભાઈશ્રી :— જાતિ એટલે ચૈતન્યજાતિ ભિન્ન છે. એની જાત સ્વભાવથી ઓળખાય છે. ચૈતન્યસ્વભાવ જેવો છે એ જાતિનો જીવ છે એમ ઓળખે છે. જાતિ શબ્દ લીધો. જીવને ઓળખે એટલે જીવની જાતથી— જીવના સ્વભાવથી જીવને ઓળખે એમ લેવું છે.

જો સ્વ-પરને ભિન્ન ન ઓળખે તો પરમાં રાગાદિ કર્યા વિના રહે નહિ. **'મન, વાણી આદિને પોતાનાં માનીને એ રાગ કર્યા વિના રહે નહિ.'** વાણીથી અવાજ થાય છે, શરીર છે, બીજા સંયોગો છે એમાં સ્વપણું માનીને એમાં રાગ કર્યા વિના એ રહી શકે નહિ. **'પરંતુ (સમ્યગ્દૃષ્ટિ) ઢોરને પણ જીવ અજીવાદિનું શ્રદ્ધાન હોય છે.'** જે ઢોર સમ્યગ્દૃષ્ટિ છે, જે તિર્યંચ સમ્યગ્દૃષ્ટિ છે એને પણ જીવ અજીવાદિનું શ્રદ્ધાન હોય છે.

શ્રોતા :— સાત તત્ત્વો ભેદથી જાણે?

પૂજ્ય ભાઈશ્રી :— ના, સાત તત્ત્વો ભેદથી ન જણાય. એ તો કહેશે કેવી રીતે સાતનું જ્ઞાન આવી જાય છે, એ કહેશે. એમાં જે શાંતિ છે એ ઉપાદેય છે તો એને સંવર, નિર્જરા, મોક્ષ ઉપાદેય છે. એને અશાંતિ

ઉપાદેય નથી તો એને વિભાવ ઉપાદેય નથી તો એમાં પુણ્ય-પાપ, આસ્રવ, બંધ ઉપાદેય નથી એમ એની અંદર સાતેય આવી જશે. એવી રીતે બે વિભાગ પડી જાય છે. હેય અને ઉપાદેયમાં વહેંચાઈ જાય છે. એટલે એને એવા ભેદ નથી પડતા. પણ ભેદ પડે કે ન પડે એની સાથે પ્રયોજન નથી.

તમે ઘરમાં સંતાયેલો ચોર જોયો. એ સંતાયેલો છે ત્યારે એનું એક અંગ દેખાણું કે નીચે પગ દેખાય છે. પડદા પાછળ છે પણ પડદો ઊંચો છે એટલે નીચે એના પગ દેખાય છે. તો ત્યાં કેમ દલીલ કરતા નથી કે મોઢું દેખાય તો માનું, નહિતર ન માનું. ઓળખ્યા પછી કહું કે આ ચોર છે કે વગર ચોર છે. એ છૂપાયો છે એ જ બતાવે છે કે એ ચોર છે. જ્યારે બજારમાં ગયા ઘરને તાળુ લગાવીને અને આવ્યા પછી ખબર પડી કે આ દરવાજો ખુલ્લો છે અને તાળુ ખુલી ગયું છે, અને ઘરમાં કબાટ ખુલેલા છે અને બધી ચીજ અસ્ત-વ્યસ્ત પડેલી છે. તો વગર જોયે પણ ચોર આવી ગયો એમ તો એ પ્રતીત કરે છે. કે શંકા કરે છે એમાં? કોને ખબર? ન પણ આવ્યો હોય. એમ કાંઈ જોયા વિના કહેવાય આપણાથી? એમ કહે? નક્કી કોઈ ચોર આવેલો છે. માણસ હોય ઈ અંદર હોય ખબર પડે કે કોઈ આવી ગયું છે, છૂપાઈ જાય. એનો પગ ભાળી જાય તો શું વિચાર કરે? મોઢું જોયા પછી નક્કી કરું એમ કહે?

અહીંયા તત્ત્વજ્ઞાનના વિષયમાં ટાયલા કરે છે. અમને દેખાતો નથી, અમે ભાળ્યો નથી જીવને. તમે કહો છો કોને ખબર એવો છે કે નહિ? એવો હોય તો કેમ જણાય નહિ? ઠીક. તર્ક-વિતર્ક, કુતર્ક કરે છે કે નહિ જીવ? એને પ્રયોજન સાથે લેવા-દેવા નથી એટલે કુતર્ક થાય છે. કોઈ જીવને ન્યાય વિરુદ્ધ તર્ક થાય એવા કુતર્ક ઉઠાવે અથવા વાદવિવાદ માટે ચર્ચા કરે, ખાલી વાદવિવાદ કરવા માટે ચર્ચા કરે, હાર-જીતના સવાલ ઉપર ચર્ચા કરે—શાસ્ત્ર ચર્ચા, ત્યારે એમ સમજવું કે એને પ્રયોજન સાથે લેવા-દેવા નથી. આમ છે. બાકી, પ્રયોજન સાથે સંબંધ હોય એ તો કુતર્કમાં પડતો નથી.

શ્રોતા :— ચોરી થઈ એ પ્રતીત થઈ?

પુજ્ય ભાઈશ્રી :— હા, જાણે છે કે નહિ? જાણવામાં પ્રતીત આવે છે કે નક્કી ચોરી થઈ લાગે છે, નક્કી ચોર આવ્યો લાગે છે, કદાચ કાંઈ ચોરાઈ ગયું હશે, ચોર આવ્યો જ છે એ વાત નક્કી છે. એમ ખબર છે.

અમારે એકવાર એવું થયું હતું. પાછળનો દરવાજો ખોલી નાખ્યો. તાળું ઉપર લોક કરેલું હતું પણ ગ્રિલમાંથી તાળું પકડીને ખોલી નાખ્યું. ચાવી લાગુ કરી નાખી. રાત્રે ત્રણ વાગે અવાજ આવ્યો. અવાજ આવે છે. ખોલીને જોયું તો નિકળી ગયો, ભાગી ગયો બહાર. પણ કબાટ ખુલેલો. રોજના કપડા પહેરવાના હોય એને તાળું શું મારે? કબાટ ખુલેલો. ક્રોકરીનો કબાટ ખુલેલો. નહિતર શું વિચાર થાય? ભૂલ ભૂલમાં ખુલ્લો રહી ગયો હશે. અમસ્તો અટકાવ્યો હોયને. પવન આવેને રાત્રે ખુલી જાય. નહિતર તો કાંઈ જાય તો ખરુંને. કાંઈ ગયું તો નહોતું. જવાનો ચાન્સ પણ નહોતો. આંખ ખુલી જાય. માણસ ચોરી કરે એટલો સમય ન મળે અને ભાગી જાય. બધું ખુલ્લુ છે એ બતાવે છે કોઈ અંદર આવી ગયેલું છે. એક જોડી ચપ્પલની પડી હતી એ ગઈ, બસ. બાકી કાંઈ નહોતું ગયું. પણ એ આવ્યો એનું લક્ષણ શું? પછી એલ્યુમિનિયમની બાળકોની પુસ્તકની બેગ હતી નિશાળે લઈ જવાની, નિશાળના ચોપડા, કંપાઉન્ડમાં ફગાવી દીધેલી. સવારે એ બહાર પડેલી. ચોર જોયો હોય તો માનવો કે ન જોયો હોય તો માનવો? જોયો નથી કોઈએ. ન જોયો હોય તો એ આવ્યો હતો એ વાત નક્કી છે. એમાં કુતર્ક કરે ન કામ આવે.

શું કહે છે? પછી બધાને ખબર પડે ઘરમાં કે ચોર ઘરમાં આવી ગયો હતો, ચોર ઘરમાં આવી ગયેલો. આ પેટી બહાર ફગાવેલી હતી. ચંપલ વયા ગયા છે, તાળું ખુલી ગયું છે. પણ આમાં કાંઈ મોટી તકલીફ ન હતી. એનો ભય જાય નહિ. શું થાય? જોયો નથી ને કેમ ભય થયો? જે ચોરને જોયો નથી એનો ભય શેનો થાય છે? કે એની પ્રતીતિ થઈ એનો ભય થાય છે. આ પ્રતીતિનો વિષય છે. જોયા વગર પ્રતીતિ થાય કે ન થાય? આ સવાલ છે.

આત્માના વિચારથી આત્માની પ્રતીતિ (થાય). પ્રતીતિપૂર્વક જાણવો, પ્રતીતિપૂર્વક ચિંતવન, મનન, વિચાર કરવા. પ્રતીતિ (સહિતનો) વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે. બોલ આવ્યોને? જોયા વિના પ્રતીતિ થાય કે ન થાય? થાય છે. જોયા વિના પણ પ્રતીતિ થાય છે. એને આ પ્રતીતિ (કહે છે). એ જ્ઞાનની પર્યાય છે. એ પ્રતીતિ છે એ જ્ઞાનની પર્યાય છે. એના જ્ઞાનમાં નિશ્ચય થઈ ગયો છે કે એ આવ્યો જ હતો, અહીંયા ચોર આવ્યો જ હતો. બારી પાસે જોયું તો ગ્રીલ વળેલી હતી, તાળું લેવા હાથ નાખ્યો તો સાંકડુ પડે. કાંઈક સાધન હશે. બધું પાકે પાકુ હતું.

એમ જે જે લક્ષણથી આત્માના અસ્તિત્વનો નિશ્ચય થાય છે, વિચારમાં જણાય છે કે આત્માની હયાતી છે. શરીર છે તે આત્મા નથી અંગ-ઉપાંગ કપાય છે તોપણ એમાંથી જ્ઞાનીદિમાંથી કાંઇ ઘટતું નથી. એક માણસનું કાંઈ અંગ કપાય જાય તો એની બુદ્ધિ કપાઈ જાય સાથે સાથે? ગુણ તો જ્ઞાન છે. શરીર ગુણ નથી આત્માનો. શરીર આત્માનો ગુણ નથી. શરીર ઓછું થાય તો એનો ગુણ ઘટે એમ બને છે? એવું નથી બનતું. તેથી દેહથી ભિન્ન અને જ્ઞાનાદિથી અભિન્ન એવી આત્માની પ્રતીતિ વિચારમાં થઈ શકે છે. કેવા સ્વભાવવાળો છે, અસ્તિત્વવાળો છે, અસ્તિત્વ સ્વભાવવાળો છે, અસ્તિત્વમાં જ્ઞાનાદિ ચેતના સ્વભાવવાળો છે એવી પ્રતીતિ બરાબર થઈ શકે છે. એ પ્રતીતિ સહિતનો વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે એમ છે.

શ્રોતા :— જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું, એવો દૃઢ ભાવ સમ્યક્ત્વ છે.

પૂજ્ય ભાઈશ્રી :— જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું એવો દૃઢ ભાવ તે સમ્યક્ત્વ છે. આગળ એક બોલ આવી ગયો. જ્યાં જ્યાં જાણપણું એ જાણપણામાં સ્વભાવ પકડ્યો. સ્વભાવ કેવો પકડ્યો? કે હું પણું જેમાં દૃઢપણે સ્થાપિત થવું એવો પકડ્યો. કેમકે સમકિત તો સત્તાને પકડે છેને? હું પણું એમાં દૃઢ થઈ ગયું. જ્યાં સત્તા ગ્રહણ થઈ ત્યાં પોતાનું અસ્તિત્વ ગ્રહણ થઈ ગયું અનુભવગોચરણપણે. જ્ઞાન અને અસ્તિ બન્ને ભેગા થઈ ગયા. જ્ઞાનસ્વભાવ અને એનું અસ્તિત્વ. એ સમ્યક્ત્વ છે. એવો વિકલ્પ તે સમ્યક્ત્વ નથી. એવો અનુભવ તે સમ્યક્ત્વ છે. એમ છે,

શું કહે છે અહીંયા? '**પરંતુ ઢોરને પણ જીવ-અજીવાદિનું શ્રદ્ધાન હોય છે. તેથી તે પરમાં રાગાદિ કરતાં નથી.**' કેવા છે તિર્યંચ? કે '**દેડકા, ચકલા કોઈ આત્મજ્ઞાન પામે છે.**' ઠીક! દેડકા, ચકલા પણ આત્મજ્ઞાન પામે છે. સિંહ, વાઘ પણ આત્મજ્ઞાન પામે છે. એરુ, અજગર પણ આત્મજ્ઞાન પામે છે. માછલા પણ આત્મજ્ઞાન પામે છે. છે, અઢી દ્વીપની બહાર માછલા અને મગરમચ્છ છે. આત્મજ્ઞાન પામે છે બરાબર. ચકલીને શું કહે છે? ચીડિયા. એ પણ આત્મજ્ઞાન પામે છે. સંજ્ઞી પંચેન્દ્રિય છે.

જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું એવો વિકલ્પ ચોખ્ખો નથી, મન તો એટલું બધું એનું ઓછા ક્ષયોપશમવાળું છે પણ ભાવને પકડે છે. જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું એવું દૃઢ અંદરમાં અનુભવથી સમકિતને પ્રગટ કરે છે. બસ! એટલું જ છે. એને તો એટલું જ ટૂંકુ છે. જે અનુભવ પ્રકાશનું એ વચન છે એટલું જ ટૂંકુ છે તિર્યંચને. આરાધનામાં કોઈ લાંબી અમથી માથાકૂટ છે જ નહિ. એ તો ઊંધા લાકડા ઘણા નાખ્યા છે એટલે માથાફોડ કરીને સમજાવવો પડે છે. આરાધનામાં ક્યાં ... પ્રત્યક્ષ છે આત્મા. આરાધન સમયે તો પ્રત્યક્ષ આત્મા છે આરાધનામાં.

શ્રોતા :— શિવભૂતિ મુનિનો દાખલો છે.

પૂજ્ય ભાઈશ્રી :— હા, છે જ ને. શિવભૂતિ મુનિનો દાખલો છે. કયાં નવ તત્ત્વ યાદ રહેતા હતા? ભિન્નતાનો વિષય પણ યાદ રહેતો નહોતો. તુષ-માષ ભિન્ન થઈ ગયું બસ. એમ પ્રયોજન પર એની તીખી નજર જાવી જોઈએ. પ્રયોજનની તિક્ષ્ણ દૃષ્ટિ અને પ્રયોજનના વિષયમાં સૂક્ષ્મ દૃષ્ટિ જેની છે, એ પ્રયોજનને સાધી લ્યે છે. બહુ સહેલાઈથી સુગમપણે સાધી લ્યે છે. એવો વિષય છે. એવું ન હોય તો તિર્યંચને કયાંથી (થાય)? જો એવી સુગમતા ન હોય એ પરિસ્થિતિની તો તિર્યંચ કયાંથી સાધે? એને તો ઘણો ઓછો ઉઘાડ છે. આ રસ્તામાં

ઢોર ઊભા હોય છે. ઘણા ઊભો રહે એ રીતે. ને તોય ખબર ન પડે કે કચરાઈ જઈશ. આટલો બધો ટ્રાફિક છે. ધમધમાટ મોટરું ને બધા જાય છે. માણસો તો ખસીને, તરીને ચાલે છે. ઢોર વચમા ઊભા રહે છે. કેટલો ઓછો ઉઘાડ છે. પણ છતાં જેની પક્કડ આવે છે પ્રયોજન ઊપર એ કામ કરી લે છે. એને પણ કોઈ ડચકારો કરીને કાઢે તો એક કોર જઈને ઊભો રહે છે. પણ ઊઘાડ બહુ ઓછો છે. પ્રયોજન ઉપર જ્યાં એ એકાગ્ર થાય છે પોતાના... પ્રયોજનનું પ્રકરણ બહુ ચાલી ગયું. ત્યાં એ જીવ કામ કરી લે છે.

અહીંયા તો પ્રયોજનનો દૃષ્ટિકોણ બહુ સારો કેળવાઈ ગયો છે, મનુષ્યને. પણ અન્ય સ્થાનમાં—સંયોગમાં, રૂપિયામાં, બાહ્યમાં, બીજે ને ત્રીજે કયાંયને કયાંય એવો ભરાઈ પડ્યો છે, પ્રયોજન માનીને. બધી શક્તિ પછી એ ત્યાં લગાવી દ્યે છે. જ્યાં પ્રયોજન માને ત્યાં એની બધી સમગ્ર શક્તિ ત્યાં લાગી જાય. લાગી જાય એમ નહિ, લાગતી હોય એ પોતે રોકી શકે નહિ. એના પુરુષાર્થને ત્યાં જતો પોતે રોકી શકે નહિ. એવી પરિસ્થિતિ છે.

બીજે ત્યાં પણ પ્રતીતિનો વિષય આવે છે, વિચારીએ તો. સાંભળે એવું, શાસ્ત્ર વાંચે, વિચારે કે આત્મામાં શાંતિ સુખ થવું જોઈએ. આખરમાં સુખ અને શાંતિનું આત્માનો પ્રયોજન છે. પણ એમાં પ્રતીતિ નથી. જ્યાં એને બાહ્ય પદાર્થની અંદર પ્રતીતિપૂર્વક જ્યાં સુખ માન્યું છે, પ્રતીતિપૂર્વક જ્યાં લાભને પ્રતીતિપૂર્વક વિચારી લીધું છે, એ જ્યાં સુધી એને મટે નહિ, આની પ્રતીતિ આવે નહિ ત્યાં સુધી એ પ્રતીતિરૂપ વિચાર સાધક થાય નહિ ને અનુભવ સાધ્ય થાય નહિ. ...

શ્રોતા :— ....

પૂજ્ય ભાઈશ્રી :— હા, લોભમાં એ પ્રતીતિ પડી છે. આત્માના વિચાર કરે, આત્મા અનંત જ્ઞાનસ્વભાવી છે, અનંત આનંદસ્વભાવી છે, પરિપૂર્ણ જ્ઞાન અને પરિપૂર્ણ આનંદ આત્માનું સ્વરૂપ છે. પણ અંદરમાં એને એ વિચાર પ્રતીતિપૂર્વક આવવો જોઈએ. સારો શબ્દપ્રયોગ છે.

પૂજ્ય બહેનશ્રીની ચર્ચામાં એ વિષય બહુ આવે છે. ખ્યાલ રહેવો જોઈએ. એમ કહે છે કે અમે આત્માનો વિચાર કરીએ છીએ, ઘણા વખતથી ગુરુદેવને પણ સાંભળ્યા હતા પણ હજી કાંઈ થતું નથી. એટલે ખેદ થાય છે. તો કહે, પ્રતીતિથી એ વિચારણા કરવી જોઈએ, પ્રતીતિ રહેવી જોઈએ. એવા શબ્દ વાપરે. રોજનો શબ્દ હોય એટલે લોકોને ખ્યાલ નથી જતો કે આમાં મર્મ શું છે? પણ એ કોઈ ચોકકસ વાત કહેવા માંગે છે. આમ થાય તો આમ થાય, નહિતર થાય નહિ. પછી તો શું છે, જે પોતે સંશોધક હોય તો ઉખેળે કે ઈ કહો છો એ કેવી રીતે પણ? આમાં શું કહેવું છે? અને એમને એમ એને ખ્યાલ થઈ જાય કે ના, ના. આ કીધું એ સમજાય ગયું, છે, કીધું એ સમજાઈ ગયું. જાય ઉપર ઉપરથી.

શ્રોતા :— ...

પૂજ્ય ભાઈશ્રી :— હા. આવે છે, ઘણીવાર આવે છે, લગભગ આવે છે. જ્યાં તત્ત્વવિચારનો વિષય આવે છે ત્યાં એ પ્રતીતિની વાત આવી જાય છે. એ ખ્યાલ છે એમને. બરાબર આવે છે. એ પ્રતીતિનો વિષય બહોળો છે જરા. દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધામાં પણ એ પ્રતીતિનો વિષય છે. આ જ મારા હિતના નિમિત્ત છે. કોઈ કુદેવાદિમાં ન જાય, કોઈ અસત્પુરુષને ન ભજે, ન અનુસરે. એ બધા પ્રકાર ઊભા થાય છે. નહિતર ક્યાંયને ક્યાંય પાછો અહીંયા જાય ને અહીંયા પણ જાય. આને પણ માને અને આને પણ માને. એનું ઠેકાણું પડે નહિ. પછી એ સ્થિતિ થાય છે.

**'દેડકા, ચકલાં કોઈ આત્મજ્ઞાન પામે છે. એને જીવતત્ત્વનું યથાર્થ ભાન હોય છે.'** એને જીવતત્ત્વનું બરાબર યથાર્થ ભાન હોય છે. જીવતત્ત્વનું (ભાન થયું) એમાં પોતે જ્ઞાનથી આખા જીવને પકડી લ્યે છે. ભેદજ્ઞાન સમયે સમયે (ચાલે છે). જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું, આ આવી જાય છે. જ્ઞાનસામાન્યનો પ્રવાહ અવિરતપણે જ્ઞાનભંડારમાંથી આવ્યા જ કરે છે. અનંત જ્ઞાનનો ભંડાર અંદર ભર્યો છે. એમાંથી જ્ઞાનનો પ્રવાહ સ્વંય ફૂટે છે. કોઈ બીજો એના જ્ઞાનને કરાવે છે?

એનો જ્ઞાનનો પાર્યય આંદોલિત અંગ છે. એનું આંદોલન છે, તરંગ છે એ તો. પરિણામ છે એ તરંગ છે. એટલે જણાયા વિના રહે નહિ. ચલિત વસ્તુ છે. સ્થિર વસ્તુ તારા ધ્યાનમાં નથી આવતી પણ ચલિત વસ્તુ ધ્યાનમાં નથી આવતી? માણસ એમ કહેને? ભાઈ! અંધારામાં સર્પ પડ્યો હતો, ખ્યાલ ન ગયો પણ હાલવા મંડ્યો તો ખબર પડી કે આ શું? આ કોણ ચાલે છે? એમ તને કાંઈ ખબર ન પડતી હોય પણ આ જ્ઞાનનો પર્યાય છે એનું આંદોલન તો તને દેખાય છે કે નહિ? તરંગ તો જણાય છે કે નહિ? એક રીતે તેનું તે નથી, નવું નવું જ્ઞાન થાતું જોવામાં આવે છે. ક્યાંથી આવે છે તપાસ કર, ઊંડો ઊતર ક્યાંથી આવે છે? કે અંદરમાં જ્ઞાન ભંડારમાંથી જ્ઞાનનું ઊપજવું થાય છે. સમજાય એવું છે. પણ એટલો એણે પોતે રસ લઈને અંદરના તપાસ કરવી જોઈએ. વાદવિવાદમાં ઊતરે એના કરતાં અંતર સંશોધનમાં ઊતરે. તર્ક વિતર્કમાં ઊતરે એના કરતાં, તર્કણામાં જાય એના કરતાં અંદર અંતર શોધનમાં જાય તો તત્ત્વ એને હાથ આવે એવું છે. પત્તો લાગે એને.

તિર્યંચને પણ જીવતત્ત્વનું યથાર્થ ભાન હોય છે. **'મારો ચૈતન્યસ્વભાવ છે તે પરમાં નથી.'** ચૈતન્યસ્વભાવથી હું મારામાં વ્યાપેલો છું અને મારો ચૈતન્યસ્વભાવ ક્યાંય મને છોડીને બીજામાં વ્યાપતો નથી. આ તો ચોખ્ખી અનુભવમાં આવે એવી વાત છે કે ક્યાંય વ્યાપે છે? પણ કોઈક કાંઈક કહે તો, એય મને કીધું, ત્યાં વ્યાપી જાય છે. મને સંભળાવી દીધું. પણ ભાઈ! તને નહોતું કીધું. તો કહે, ના મને ખબર છે. એ મને સંભળાવે છે. વાત કોઈકની સાથે કરે છે. પણ બીજા સાથે કરે છે. બીજા સાથે વાત કરતા હતા પણ સંભળાવતા હતા મને. એવો વ્યાપીને જાય છે ન્યાં. કેટલી બુદ્ધિ ચલાવે છે! એમ નથી, ભાઈ! તારું વ્યાપવું એમાં નથી. પરમાં તારું વ્યાપવું નથી. જ્યાં તું પરમાં વ્યાપ્ય વ્યાપકભાવે નથી ત્યાં તું અહંમપણું કરીને મફતનો દુઃખી થાય છે, બીજુ કાંઈ નથી. જ્યાં ચૈતન્યસ્વભાવ છે ત્યાં તારું સદાય વ્યાપવું છે. જો એમ તું અંદરમાં તારા વ્યાપ્યવ્યાપક ભાવે તારી હયાતીને—મોજૂદગીને સ્વીકાર તો અનંત સુખનું એ મૂળ છે. એવો સ્વીકાર તે જ અનંત સુખનું મૂળ છે અને એ જ સર્વ ઉપાધિ શમાઈ જવાનું મૂળ કારણ છે. કોઈ ઉપાધિ પછી તને નથી. આમ છે.

એને પરમાંથી સાવધાની છૂટી જવી જોઈએ. એક્વાર તો સાવધાની છૂટી જવી જોઈએ. સાવધાની છૂટે તો એને લાભ, નુકસાન માન્યું હતું એમાં ફેર પડ્યો છે. પ્રતીતિરૂપ વિચાર થયો છે. પણ સાવધાની રહ્યા કરે તો એની પ્રતીતિરૂપ વિચાર અહીંયા કામ ન કરે. એનો પ્રતીતિરૂપ વિચાર ત્યાં કામ કરે છે. સાવધાનીથી પકડાય છે.

મારો ચૈતન્યસ્વભાવ છે તે પરમાં નથી. **'તેથી પર તે હું નથી અને મારામાં પર નથી.'** પર તે હું નહિ અને મારામાં પર નહિ. બસ! એકવાર એ ફિકર વિનાનો થઈ જાય, ચિંતા વિનાનો થઈ જાય, ઉપાધિ વિનાનો થઈ જાય તો એનો ઉપયોગ ત્યાંથી નિવૃત્ત થઈને સ્વરૂપવિચારમાં સરખો કામ કરે. નહિતર સ્વરૂપવિચાર પણ સરખો થાય એવું નથી, ઉપર ઉપરથી થાય. પરિણામ પરરસમાં ઘેરાયેલા રહે એટલે અંદરમાં એનો રસ પણ આવે નહિ. આ તો બહુ રસિક વિષય છે કે એનો રસ આવે.

એટલે તો અનુભવ પ્રકાશમાં એક જગ્યાએ... આ તો પૂરું ક્યાંથી થાય? એક જગ્યાએ એવી વાત લીધી છે કે જેની વાત કરતાં અનુપમ આનંદ આવે છે એના અનુભવનું શું કહેવું? એમ કહે છે. દીપચંદજી પોતે શાસ્ત્ર લખે છે. કહે છે કે અરે..! આ આત્માની વાત કરીએ છીએ, વાત કરતાં અમને તો એનો રસ આવે છે. આનંદ આવે છે એટલે એનો રસ ચડે છે. આત્માના ગાણા ગાતા ગાતા એનો રસ ચડે છે. કેવો રસ ચઢે છે? કે એ કંઈ ... એના અભેદ અનુભવની શું શું કથા કરવી? શું વાર્તા કરવી? એવી વાતો લખી છે.

શ્રોતા :— ...

પૂજ્ય ભાઈશ્રી :— ગુરુદેવનું તો એક બહુ સરસ છે એ વિષય ઉપર. કોઈપણ શાસ્ત્ર વાંચતા હોય, ગમે તે ગાથા ચાલતી હોય પણ આ આત્મા... એટલો એમને

રસ હતો. એક સેકન્ડના અસંખ્ય ભાવમાં નિર્મળાનંદ, જ્ઞાનાનંદ, નિત્યાનંદ પ્રભુ છે. એટલો એમાં રસ પડતો. એમનો રસ તો જોયો છે કે નહિ? વાતે વાતે એ આવે. પ્રકરણ પુણ્ય-પાપનું હોય, લ્યો. અધિકાર પુણ્ય-પાપનો વાંચતા હોય અને રસ ચડે આત્માનો.

શ્રોતા :— ...

પૂજ્ય ભાઈશ્રી :— એમનું હૃદય જ એ છે. જેના હૃદય સિંહાસન ઉપર એ પરમાત્મા બિરાજમાન છે એ એને જ ગાય. સીધી વાત છે. એને એનો જ રસ ચઢે. બીજો રસ કેમ ચઢે એને? એટલે એની વાણીમાં એ આવ્યા વગર રહેતું નથી.

શ્રોતા :— વ્યાખ્યાનની શરૂઆતમાં...

પૂજ્ય ભાઈશ્રી :— વ્યાખ્યાનનો પ્રારંભ એ થાય અને આદિ, મધ્ય, અંતમાં એ વાત આવ્યા વિના રહે નહિ. પ્રત્યક્ષ છે કે નહિ?

શ્રોતા :— ...

પૂજ્ય ભાઈશ્રી :— બહુ બારીકાઈથી એ બધો રસ અવલોકન કરવા જેવું છે. આ આત્મા એમ કહેતા એ તો જાણે ... થઈ જાય અંદર. એટલો રસ ચડતો. અને પુણ્ય, પાપ વગેરે કોઈ તત્ત્વની વાત કરવી હોય તો આત્માની હસ્તી આ પ્રકારે રાખીને, સ્થાપીને પછી દૃષ્ટિકોણમાં એ વાત એના સ્થાનમાં ક્યાં છે એમ આવતું. બહુ ઊંડો વિષય છે. હવે પુણ્ય-પાપનું સ્થાન શું છે. એમ સમ્યક્ પ્રકારે જ્ઞાનનો વિષય પુણ્ય-પાપ થવો જોઈએ. એમને એમ નહિ. ઘડિયા ગોખવાનો વિષય નથી. બહુ સૂક્ષ્મ ...

કહે છે કે '**એવા પરથી ભિન્ન પોતાનાં સ્વરૂપને ઢોર બરાબર જાણે છે.**' તિર્યંચ પણ બરાબર જાણે છે. '**તેને પરમાં એકત્વબુદ્ધિ થઈને રાગાદિ થતા નથી.**' તિર્યંચની આ સ્થિતિ છે.

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮

## પ્રકાશન કાર્ય ગતિવિધિ

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર થયેલા પ્રવચનોને કમ્પ્યુટરમાં ફિડ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની જન્મજયંતિ પ્રસંગે આત્માવલોકન ગ્રંથ ઉપરના પ્રવચનોના બે ભાગ, તથા ચિદ્‌વિલાસ ઉપરના પ્રવચનોનો એક ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. તત્પશ્ચાત્ રાજ હૃદય ભાગ—૩ અને ૪ (હિન્દી), પૂજ્ય ભાઈશ્રીની જન્મ જયંતિ પ્રસંગે પ્રકાશિત કરવાની ભાવના છે. સંભવતઃ પરમાગમસાર ઉપરના પ્રવચનોના પણ બે ભાગ સમયનાકુળ પ્રકાશિત થવાની શક્યતા છે.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જુલાઈ–૨૦૧૯)નું શુલ્ક સ્વ. મહેન્દ્રકુમારજી જૈન, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૪૨)

કલકત્તા
૨૧-૮-૬૩

**પરમ ઉપકારી શ્રી સદ્‌ગુરુદેવને વંદન.**

**ધર્મસ્નેહી.... શુદ્ધાત્મસત્કાર.**

આપનો પત્ર આજે મળ્યો. પરમ ઉપકારી ‘શ્રી ગુરુદેવ’ સુખશાંતિમાં છે અને તેમની અમૃતમયી ધોધમાર વાણીનો તમે બધા અપૂર્વ લાભ રહ્યા છો  એ જાણીને સહજ પ્રસન્નતા થઈ.

આપનો રાજકોટવાળો પત્ર સમયસર મળી ગયો હતો. ઘણો ઉત્સાહ ભરપૂર હતો, પરંતુ મારાં પુણ્ય એવાં ક્યાં છે કે પૂજ્ય ‘ગુરુદેવ’ની વાણીનો વારંવાર લાભ મળે? આપના પત્રોમાં મારે ત્યાં આવવા માટેનો જ મુખ્યપણે તીવ્ર અનુરોધ હોય છે. આવવાની યોગ્યતા નથી હોતી તેથી શો જવાબ આપું? સોનગઢ આવવાનું લક્ષ્ય રાખીને મુંબઈ સુધી આવવાનું થયું હતું, પરંતુ ‘મહારાજશ્રી’ના વિહારથી પાછા ફરવાની તિથિમાં અકસ્માત વારંવાર ફેર પડ્યો તેથી મુંબઈથી જ પાછા ફરવું પડ્યું.

આપનું લખવું છે કે, ‘સાંસારિક વિકલ્પ પણ થાય છે અને કાર્ય પણ થાય છે  નિવૃત્તિ ઈચ્છનારે તો માત્ર સોનગઢમાં જ વાસ કરવો જોઈએ’ વગેરે એનો શો અપેક્ષિત જવાબ આપું? અહીં તો પૂજ્ય ‘ગુરુદેવે’ આત્મગઢમાં વાસ કરાવીને પ્રસાદ ચખાડ્યો છે, તેથી ક્ષણિક વિકલ્પો પણ સહજ ભૂલાઈ જાય છે. કહું છું કે હે વિકલ્પાંશ! તારા સંગે અનાદિથી દુઃખોનો અનુભવ કરતો આવ્યો છું. હવે તો પીછો છોડ! જો થોડો સમય રહેવા જ ઈચ્છતો હો તો સર્વસ્વના આપનારા પરમ ઉપકારી ‘શ્રી ગુરુદેવ’ની ભક્તિસેવા ગુણાનુવાદમાં જ તેમની નિકટ જ વર્ત! આ ક્ષેત્રમાં તો (વિકલ્પ) અધિક દુઃખદાયી છે, કેમ કે ‘ગુરુદેવે’ તેની ઉપેક્ષા કરાવીને તેનાથી વિમુખ બનાવી દીધો છે; તેથી આ (વિકલ્પ) પણ લંબાઈ ને સાથ આપતો નથી.

‘જૈસો શિવખેત બસૈ, તૈસો બ્રહ્મ યહાં બસૈ,
યહાંવહાં ફેર નાહીં, દેખિયે વિચારકે’
(જેવો સિદ્ધક્ષેત્રે વસે, તેવો આત્મા અહીં વસે;
અહીં કે ત્યાં ફેર નથી, દેખો એનો વિચાર કરી.)

મારા પ્રત્યે આપનો અનુરાગ જ્ઞાનમાં છે. પૂજ્ય 'ગુરુદેવ' કહે છે કે તમે પોતે અક્રિય ચૈતન્યઢીમ છો. આ અગાધ સાગરનો સહજ અનુરાગ કરો. પરાશ્રિત અનુરાગ તો એકાંતે દુઃખ છે. સુખાભાસી થઈને તેના રસને લંબાવવો ઉચિત નથી. પોતે તો એકાંત સહજ જ્ઞાનસુખથી તરબોળ અને ઠાંસો ઠાંસ ચૈતન્યઢીમ બનીને ઠરી જાઓ. વિકલ્પ અને નિર્વિકલ્પ જેવી પણ અવસ્થા થાય તે થવા દો.

કર્તા, કરમ, ક્રિયા ભેદ નહીં ભાસતુ હૈ,
અકર્તૃત્વ શક્તિ અખંડ રીતિ ધરૈ હૈં ।
યાહી કે ગવેષી હોય, જ્ઞાનમાંહિ લખિ લીજૈ,
યાહી કી લખનિ યા અનંત સુખ ભરે હૈં ।।

(કર્તા કર્મ ક્રિયાના ભેદ જેમાં ભાસતા નથી,
અકર્તૃત્વ શક્તિ અખંડ રીત ધરીને રહે છે;
એના શોધક બનીને જ્ઞાનમાંહિ જાણી લેજે,
જેનું લક્ષ થતાં અનંત સુખ પ્રાપ્ત થાય છે.)

ત્યાં રોકાવા-રોકી રાખવાની વિકલ્પજાળને લંબાવવાથી શો લાભ? વિકલ્પાનુસાર ક્રિયા થવી આવશ્યક તો નથી. જેવો યોગ હશે તેમ થશે. ચિંતા ઓછી કરવી એ જ ભલું છે. નજીકના ભવિષ્યમાં ત્યાં આવવાનો વિચાર અવશ્ય છે, પરંતુ હંમેશાંની ટેવ મુજબ પ્રોગ્રામ અકસ્માત બને છે. આથી ચોક્કસ સમય જણાવી શકતો નથી.

વિકલ્પરસમાં અનુભવરસનો અભાવ છે. એકની તરફ ઝૂકીને લંબાવવાથી બીજાનો અભાવ થઈ જાય છે.

'ગુણ અનંતકે રસ સબૈ, અનુભવ રસકે માંહિ,
યાતૈં અનુભવ સારિખૌ, ઔર દૂસરો નાહિં'
(ગુણ અનંતના રસ બધા, અનુભવ રસની માંહે;
તેથી અનુભવ સરીખડો, બીજો કોઈ નાહિં.)

વિશેષ રૂબરૂમાં.

અસંગતતાનો ઈચ્છુક

*(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા...)*

હશે સમવસરણ વિખરાય જાય એટલે? દસ હજાર પગથિયા હાથ ઊંચે...

ઉત્તર :- ભગવાનનો એવો અતિશય છે. બધા નીચે એકદમ ઊતરી જાય. ચડી જાય એકદમ. ઘરડા પણ ચડી જાય, નાના પણ ચડી જાય. એકદમ ચઢી જાય અને એકદમ ઊતરી જાય. કાંઈ એકદમ વિંખાય ન જાય, બધા ઊતરી જાય. એમ વિંખાઈ જાય. એવી રીતે દેવો કરે નહિ કાંઈ.

મુમુક્ષુ :- એક જગ્યાએ સમવસરણ કેટલા દિવસ હોય?

ઉત્તર :- એ ગામના પુણ્ય હોય એટલો ટાઈમ રહે. એનો નિયમ નહિ. એવું આવે શાસ્ત્રમાં કે ચાર મહિના ચોમાસુ હોય તો ભગવાન રહે. પણ બારે મહિના જે ગામના પુણ્ય હોય એટલો ટાઈમ રહે. એ કાંઈ નક્કી નથી હોતું. ભગવાનને એવો વિકલ્પ નથી. સહેજે ગામના પુણ્ય હોય ત્યાં સુધી ભગવાન બિરાજે અને પછી વિહાર કરે. મહિનો રહે, કેટલા દિ' રહે એનો કાંઈ નિયમ નથી.

પ્રશ્ન :- ભગવાનને ચૌમુખી ચાર મુખ હોય કે એક મુખ હોય અને બધી બાજુ દેખાય.

ઉત્તર :- ભગવાનનું મુખ એક હોય. અતિશયથી ચાર મુખ દેખાય. મુખ ચાર નથી હોતા. મુખ એક હોય છે પણ અતિશયથી ચારે બાજુ દેખાય. બધાને એમ દેખાય કે ભગવાન અમને દેખાય છે. ચારે બાજુથી ભગવાન દેખાય છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ચારેય બાજુથી ભગવાન દેખાય. એમનો અતિશય એવો છે. ભગવાનનું સમવસરણ હોય ત્યાં બધા દેવો આવે, મનુષ્યો આવે, રાજાઓ આવે. આખું સમવસરણ ભરેલું હોય ભગવાનનું. જ્યારે જ્યારે ધ્વનિ છૂટે ત્યારે બધી વાર સભા બધી હાજર હોય. રત્નોના મંદિરો, રત્નના વૃક્ષો, બધું રત્નનું હોય. દેવોને આશ્ચર્ય થાય કે આ સમવસરણ કેવી રીતે રચાણું? આ ભગવાનના પુણ્યથી આ રચાય છે. આ શક્તિ અમારામાં નહોતી, આ કેવી રીતે રચાઈ ગયું! એમ દેવોને આશ્ચર્ય થાય છે. એવું સમવસરણ રચાઈ જાય છે.

પ્રશ્ન :- રચનારને આશ્ચર્ય થાય એવું રચાઈ જાય છે.

ઉત્તર :- એવું રચાઈ જાય છે. એવો ભગવાનનો અતિશય છે. મંદિર હોય પછી ખાઈ ભૂમિ હોય છે, વૃક્ષોની ભૂમિ, અનેક જાતની ભૂમિ હોય છે. ધજાની ભૂમિ બધી એનેક જાતનિ ભૂમિ (હોય છે). એ બધી ભૂમિ અને ગઢને વળોટીને જાય ત્યારે ભગવાનની ગંધકુટી આવે છે. ભગવાન બિરાજતા હોય.

પ્રશ્ન :- ભગવાનને કેવળજ્ઞાન થાય એટલે તરત જ વીસ હજાર હાથ ઊંચે વયા જાય? સમવસરણ પછી રચાય?ાે

ઉત્તર :- હા. તરત સમવસરણ રચાય. ભગવાન અદ્ધર થઈ જાય. દેવો આવીને સમવસરણ રચે છે. તરત રચે પણ એને અમુક દેવોની તો શક્તિથી તરત રચી નાખે. ભગવાનને જ્યાં કેવળજ્ઞાન થયું (ત્યાં) જમીનથી ઉપર વયા જાય છે.

પ્રશ્ન :- બધા કેવળી માટે એમ?

ઉત્તર :- કેવળજ્ઞાની બધા ઊંચે જાય. સમવસરણનું નક્કી ન હોય. કેટલા અદ્ધર થાય. તીર્થંકરો તો અદ્ધર થાય પણ અદ્ધર તો બધાય થાય. દેવોને સમવસરણ રચતા વાર નથી લાગતી.

પ્રશ્ન :- મહાવીર ભગવાન...

ઉત્તર :- આ ભરતક્ષેત્રમાં રચાણું હતું. રાજગૃહી નગરીમાં. આ ભરતક્ષેત્રમાં જ મહાવીર ભગવાનું સમવસરણ રાજગૃહી નગરીમાં રચાણું હતું. શ્રેણિક રાજા જ્યાં રાજ કરતા હતા. પહેલું રાજગૃહી નગરીમાં રચાણું વિપુલાચલ પર્વત ઉપર. પછી તો ભગવાને બધે વિહાર કર્યો.

પ્રશ્ન :- માતાજી! અન્ય કેવળી ભગવાનને તો કાંઈ સાંભળવાનું, સમજવાનો કોઈ ભાવ હોય નહિ તો એ પણ કેમ સમવસરણમાં જ જઈને ...?

ઉત્તર :- જેને કાંઈ નથી સાંભળવાનું, સમજવાનું તોપણ એ ભગવાનનું સમવસરણ હોય ત્યાં બિરાજતા હોય છે. બધા કેવળજ્ઞાની ભગવાન નહિ પણ કેટલાક બિરાજતા હોય છે. એમને બિરાજવાનું સ્થાન સમવસરણમાં બિરાજતા

હોય છે. બિરાજે તો ખરા ને. બિરાજે છે. કેટલાકને ધ્વનિનો ઉદય હોય તો બીજે જાય. ધ્વનિનો ઉદય ન હોય તો ક્યાં બિરાજે કેવળી ભગવાન? કે ભગવાનના સમવસરણમાં. સાંભળવું નથી, કાંઈ નથી. બિરાજતા હોય ભગવાનના સમવસરણમાં. ભગવાનનો વૈભવ છે એ. ભગવાનના સમવસરણમાં કેવળજ્ઞાની હોય, મુનિઓ હોય. એ બધી ભગવાનની સમવસરણની, તીર્થંકરની ભગવાનની વિભૂતિ છે. ભગવાનના સમવસરણમાં કેવળજ્ઞાનીઓ કેવળજ્ઞાન પામીને બિરાજતા હોય. જે કેવળજ્ઞાનીને ધ્વિનીનો ઉદય છે તો બીજે ગામ જાય ત્યાં ગંધકુટી રચાય. બધું રચાય. પીઠિકા ને એ બધું. અમુક સભા બેસે એવી જાતનું રચાય. અને કેવળજ્ઞાનીની પણ ધ્વિનિ છૂટી બીજે ગામ જાય છે.

પ્રશ્ન :- ભગવાન જ્યાં વિહાર કરે ને પગલા ભરે ને કમળ રચાઈ જાય એ આપોઆપ જ ભગવાનના અતિશયથી રચાઈ જાય? ભગવાન જ્યારે વિહાર કરે ને પગલા એક પછી એક ભરે, કમળ કુદરતી રચાઈ જાય?

ઉત્તર :- દેવો રચે છે. કમળ દેવો રચે છે. ભગવાન પગલા મૂકે ત્યાં સોનાના કમળ દેવો રચે છે.

મહાવીર ભગવાનને સમવસરણ રચાણું. ધ્વનિ છૂટતી નહોતી. ધ્વનિ છૂટવાનો કાળ હતો અને ગૌતમસ્વામી આવ્યા એ બધો મેળ થઈ ગયો ઉપાદાન-નિમિત્તનો.

પ્રશ્ન :- વાણીનો યોગ તીર્થંકરો સિવાય બીજા અરિહંતોને પણ હોય ખરો.

ઉત્તર :- હોય. વાણીનો યોગ હોય. હોય. કેટલાકને ન હોય, કેટલાકને હોય વાણીનો યોગ. શાસ્ત્રમાં આવે છે. તીર્થંકર ભગવાન જ્યાં ન બિરાજતા હોય ત્યાં કોઈ કેવળજ્ઞાની પણ બિરાજતા હોય છે. અને એની પણ વાણી છૂટતી હોય છે. ઉપદેશની ધ્વનિ છૂટતી હોય છે.

પ્રશ્ન :- વીતરાગ થયા પછી રાગ તો છે નહિ, છતાં એવું કર્મ...

ઉત્તર :- એવો પુણ્યનું બંધ એવી જાતનો થયેલો છે કે કેવળજ્ઞાન થયા પછી ધ્વનિ છૂટે.

પ્રશ્ન :- ગૌતમસ્વામી અંદર પધાર્યા પછી સમ્યગ્દર્શન પામ્યા કે બહારથી?

ઉત્તર :- એ કાંઈ નથી. માનસ્તંભ જોઈને આશ્ચર્ય પામી ગયા છે. પછી સમ્યગ્દર્શન ક્યારે પામ્યા, એ અંદર આવ્યા પછી બધું થયું છે. કઈ ભૂમિમાં અને ક્યાં સુધી આવ્યા એ કાંઈ આવતું નથી. બાકી માનસ્તંભ દેખીને આશ્ચર્ય પામ્યા છે. ત્યાંથી એમની શરૂઆત થઈ ગઈ છે. એની પરિણતિ પલટવાની શરૂઆત ત્યાંથી થઈ ગઈ છે. પલટતા ત્યાં જાય છે ત્યાં બધું થઈ ગયું. સમ્યગ્દર્શન થઈ ગયું, મુનિદશા થઈ ગઈ, ચાર જ્ઞાન થઈ ગયા. બધી પરિણતિ એટલી વારમાં ત્યાં જાય છે ત્યાં બધી પલટી જાય છે. જ્યાં ભગવાન સમક્ષ ગયા ત્યાં એક ક્ષણમાં બધું પલટી ગયું. ભગવાનના દર્શન કર્યા ત્યારથી બધું પલટી ગયું. પહેલા અહીંથી શરૂઆત થઈ ગઈ માનસ્તંભ આગળથી.

પ્રશ્ન :- અંતર પુરુષાર્થ એ રીતે ઉપડી ગયો.

ઉત્તર :- અંતરની પુરુષાર્થની પરિણતિ... અંદર આશ્ચર્ય લાગી ગયું. આ હું માનતો હતો એ બધું ખોટું છે. મેં તો માન્યું હતું કે જાણે મારા જેવું કોઈ નથી. જાણે હું તો કાંઈ સર્વજ્ઞ છું. એવું મનાઈ ગયું. આ તો ખોટું છે. આ તો આશ્ચર્ય! અંદરની એટલી પાત્રતા છે કે એને આશ્ચર્ય લાગી ગયું. આ તે કોણ છે એમ થઈ ગયું! આ તે કઈ જાતના મહાપુરુષ! આ કોણ ભગવાન છે? એમ થઈ ગયું. એવું આશ્ચર્ય લાગી ગયું. અંદર પોતાની માન્યતા, બધી વાત છૂટી ગઈ અંદરથી. અંદરથી એકદમ પાત્રતા જાગી જાય છે. પરિણતિ એકદમ પલટાઈ ગઈ. એકદમ પલટાઈ ગઈ. બધા આગ્રહો એકદમ છૂટી ગયા. માન્યતા બધી અન્યમતની—વેદાંતની હતી એ એકદમ પલટી ગઈ. એકદમ પલટીને બધું એકદમ પ્રગટ થઈ ગયું. આત્મા આ ચૈતન્ય છેને, એવી પાત્રતા એકદમ થઈ ગઈ. એકદમ પુરુષાર્થ એવો થઈ ગયો.

પ્રશ્ન :- જાતિસ્મરણ થયું?

ઉત્તર :- કોઈ કારણ નહિ. ભગવાનના દર્શનથી થઈ ગયું છે બધું. નિમિત્ત ભગવાનના દર્શન છે અને અંતરમાં પોતાનું ઉપાદાન છે.